મુદ્દા નં.૪ (૧) (ખ) (૬) : પોતાની પાસે અથવા નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવેજોના વર્ગોનું પત્રક :–

સુરત મહાનગરપાલિકામાંથી નિવૃત્ત/સ્વૈ.નિવૃત્ત/અવસાન/રાજીનામું/ગુમશુદા/અનફીટ કર્મચારી/અધિકારીઓની પેન્શન/ગ્રેજયુઈટીની ફાઈલોની પી.પી.ઓ.નંબર પ્રમાણે વર્ગીકૃત કરી તે ફાઈલોની સાચવણી કરવામાં આવે છે. તેમજ પેન્શન લાભો ચુકવવા અર્થે વખતો વખત નિતી વિષયક નિર્ણયો લેવા સબંધિત જી.સી.એસ. (પેન્શન) રૂલ્સ રાજય સરકારશ્રી ધ્વારા મોકલવામાં આવતા હુકમો /ઠરાવો/પરિપત્રો તથા સુ.મ.પા.નાં જે તે વખતે ઈસ્યુ કરવામાં આવતાં પેન્શન વિભાગને લાગત ઠરાવો વિગેરે દસ્તાવેજો ઉપલબ્ધ રાખવામાં આવે છે. ગુજરાત સરકારશ્રીના વખતોવખત થતાં પગારપંચના સુધારા–વધારા અંગેના પેન્શન રજીસ્ટરો, P.P.O. No. ઈસ્યુ કરવાના પેન્શન રજીસ્ટર ઈનવર્ડ આઉટવર્ડ રજીસ્ટર, આર.ટી.આઈ.રજીસ્ટર, ટપાલબુકો, યુનિયનને લાગત પત્રવ્યવહારની ફાઈલો વિગેરે ઉપલબ્ધ રાખવામાં આવે છે.